सत्यमेव जयते

`

## –:નમુનો–અ:–

**કાલાવડના મહેરબાનશ્રી જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**સાહેબની કોર્ટમાં, મુકામ : કાલાવડ**

**ચુકાદાની તારીખ: ૨૪/૦૩/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૮૯૭/૨૦૨૦**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **જુગારધારાની કલમ–૧૨ મુજબ** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.– ૨૫૪/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે. |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | **૧. હારૂનભાઈ અબદુલભાઈ માણસી**<br>ઉ.વ. ૪૨, ધંધો: મજુરી,<br>રહે. ભરવન સોસાયટી નીલકંઠ ટોકીઝ પાસે, રાજકોટ<br>**૨. બાબુભાઈ ગોપાલભાઈ સોરઠીયા**<br>**(સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ)**<br>ઉ.વ. ૬૦, ધંધો : નીવૃત<br>રહે. રાધેશ્યામ સોસાયટી શેરી નં.૪, જીગરીયા હનુમાન મંદીર પાછળ મવડી રાજકોટ<br>**૩.ઈસ્માઈલભાઈ દાઉદભાઈ દલ**<br>ઉ.વ. ૪૨, ધંધો: ડ્રાઈવીંગ<br>રહે. પટ્ટાવાળા કવાટર્ર ની સામે ભીસ્તી વાળ મોરબી હાઉસ પાસે જામનગર મેઈન રોડ, રાજકોટ<br>**૪. નાગજીભાઈ હરજીભાઈ ચાવડા**<br>**(સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ)** |

| | |
|---|---|
| | ઉ.વ. ૭૨, ધંધો :મજુરી<br>રહે. ૧૫૦, ફુટ રીંગ રોડ, બાલાજી સ્કુલ, પાછળ રાજકોટ<br>**૫. મુકેશભાઈ ભીખાભાઈ સખીયા**<br>**(સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ)**<br>ઉ.વ. ૭૫, ધંધો :મજુરી,<br>રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ બાલાજી, સ્કુલ પાછળ રાજકોટ<br>**૬. કીશોરભાઈ બચુભાઈ ગમઢા**<br>**(સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબ)**<br>ઉ.વ. ૫૮, ધંધો :મજુરી,<br>રહે. નાના મૌવા સર્કલ આવાસ યોજના કર્વાટર નં ૧૮૬૦, રાજકોટ<br>**૭. જુનશભાઈ ઉમરભાઈ ચારણ**<br>ઉ.વ. ૭૬, ધંધો :ટ્રાન્સપોર્ટ,<br>રહે. પંચવટી સોસાયટી, સિકકા તા. જી જામનગર<br>**૮. ખીમજીભાઈ નરશીભાઈ પુરોહીત**<br>ઉ.વ. ૫૩, ધંધો :નોકરી,<br>રહે. મેહુલનગર ખોડીયાર કોલોની ૮૦ ફુટ રીંગ રોડ જામનગર<br>**૯. રમેશભાઈ બાબુભાઈ મકવાણા**<br>ઉ.વ. ૭૨, ધંધો :મજુરી,<br>રહે. ગોકુલનગર ખોડીયાર નગર રડાર રોડ, જામનગર |
| રજુઆત | આરોપી નં. ૧ તથા ૩ તરફે વિ.વકીલશ્રી જે.એન.જાડેજા<br>આરોપી નં. ૭ તરફે વિ.વકીલશ્રી એમ.એચ.જુણેજા<br>આરોપી નં. ૮ તથા ૯ તરફે વિ.વકીલશ્રી પી.એમ.ચંદ્રપાલ |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૦૬/૨૦૨૦ |
| આખરી અહેવાલની તારીખ | ૦૪/૧૧/૨૦૨૦ |
| આરોપીઓના જવાબ લીધાની તારીખ | ૧૦/૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

## ::આરોપીની વિગત::

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **હારૂનભાઈ અબદુલભાઈ માણસી** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | જુગારધારાની કલમ–૧૨ મુજબ | નિર્દોષ | | |
| ૦૨. | **બાબુભાઈ ગોપાલભાઈ સોરઠીયા** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | | બિન તહોમત | | |
| ૦૩. | **ઈસ્માઈલભાઈ દાઉદભાઈ દલ** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | | નિર્દોષ | | |
| ૦૪. | **નાગજીભાઈ હરજીભાઈ ચાવડા** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | | બિન તહોમત | | |
| ૦૫. | **મુકેશભાઈ ભીખાભાઈ સખીયા** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | | બિન તહોમત | | |
| ૦૬ | **કીશોરભાઈ બચુભાઈ ગમઢા** | ૧૦/૦૬/૨૦૨૦ | ૧૦/૦૬/૨૦૨૦ | | બિન તહોમત | | |
| ૦૭ | **જુનશભાઈ** | ૧૦/૦૬ | ૧૦/૦૬ | | નિર્દોષ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **ઉમરભાઈ ચારણ** | /૨૦૨૦ | /૨૦૨૦ | | | | |
| ૦૮ | **ખીમજીભાઈ નરશીભાઈ પુરોહીત** | ૧૦/૦૬ /૨૦૨૦ | ૧૦/૦૬ /૨૦૨૦ | | | | |
| ૦૯ | **રમેશભાઈ બાબુભાઈ મકવાણા** | ૧૦/૦૬ /૨૦૨૦ | ૧૦/૦૬ /૨૦૨૦ | | | | |

## ::નમૂનો ક::

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | વિજયસિંહ પ્રવિણ સિંહ જાડેજા | ફરિયાદી |
| ફ.સા. ૨ | અફઝલભાઈ હબીબભાઈ ગૌરી | પંચ સાક્ષી |
| ફ.સા. ૩ | સરમણભાઈ રામાભાઈ ચાવડા | ત.ક.અ |

**<u>બ. બચાવ</u>**

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક બ-૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ-૨/બ.સ. ૨ | – |

**<u>ક. ન્યાયલય આંક</u>**

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ન્યા-૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા-૨/ન્યા.સ. ૨ | – |

**<u>ડ. ભૌતિક પદાથ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ.પ.૧ | – |
| ૨ | ભૌ.પ. ૨ | – |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭૨ | ફરીયાદી વિજયસિંહ પ્રવિણ સિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૭૩ | ફરિયાદ |
| ૩ | ૭૪ | પંચસાહેદ અફઝલભાઈ હબીબભાઈ ગૌરીની જુબાની |
| ૪ | ૭૫ | રેઈડ અંગે નું પંચનામું |
| ૫ | ૮૮ | તપાસકર્તા સાહેદ સરમણ ભાઈ રામાભાઈ ચાવડાની જુબાની |

**<u>::–ચુકાદો–::</u>**

**<u>(૧) કેસની ટૂંકી હકીકત :–</u>**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા. ૧૦/૬/૨૦૨૦ ના રોજ ક. ૧૬–૧૫ વાગ્યાના સુમારે ખાનકોટડા ગામની મઢ નામની સીમમાં અબ્દુલશા શાહમદારની વાડીની બાજુમાં આવેલ સરકારી ખરાબામાં લીમડાના ઝાડ નીચે જાહેરમાં ગંજીપંતા ના પાના વડે તીન પતી રોન નામનો જુગાર રમી પૈસાની હારજીત કરતા રોકડા રૂા.૨૬,૯૮૦/– તથા ગંજી પતાના પાના નંગ –૫૨ કી.૦૦/૦૦ કુલ મુદામાલ સહીત રૂા. ૨૬,૯૮૦/– સાથે પકડાઈ જઈ  જેથી ફરિયાદીએ સદર બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**<u>(૨) ન્યાયિક કાર્યવાહી :-</u>**

આ કામે આરોપી નં. ૨,૪,૫,૬ ને ત્યારબાદ અવારનવાર સમન્સ વોરંટ કાઢતા તેઓ મળી આવતા ન હોઈ, તેઓની સામે પકડ વોરંટ અત્રેની અદાલત દવારા વારંવાર સમયાંતરે કાઢવામાં આવેલ, પરંતુ તેમ છતાં તેઓ મળી નહીં આવતા અને નજીકના ભવિષ્યમાં તેઓના મળી આવવાની શકયતા નહીં જણાતા તેઓની વિરુધ્ધ અમોના પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૯૯ મુજબ ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી નં. ૧,૩,૭,૮,૯ સામે ચાર્જશીટ રજૂ થતાં તેઓ આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક-૬૫ થી ૬૯** સુધી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં તમામ આરોપીઓએ ગુન્હાનો ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે બાકીના આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આરોપી નં. ૨, ૪, ૫ અને ૬ સિવાયના તમામ આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે, તેઓ નિર્દોષ હોય, તેઓએ કોઈ ગુનો કરેલ નથી.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૦/૬/૨૦૨૦ ના રોજ ક. ૧૬-૧૫ વાગ્યાના સુમારે ખાનકોટડા ગામની મઢ નામની સીમમાં અબ્દુલશા શાહમદારની વાડીની બાજુમાં આવેલ સરકારી ખરાબામાં લીમડાના ઝાડ નીચે જાહેરમાં ગંજીપંતા ના પાના વડે તીન પતી રોન નામનો જુગાર રમી પૈસાની હારજીત કરતા રોકડા રૂ.૨૬,૯૮૦/- તથા ગંજી પતાના પાના નંગ -૫૨ કી.૦૦/૦૦ કુલ મુદામાલ સહીત રૂા. ૨૬,૯૮૦/- સાથે પકડાઈ જઈ **જુગારધારાની કલમ-૧૨** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| **(૨)** | શું હુકમ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં.** |
| **(૨)** | આખરી હુકમ મુજબ |

**-::કારણો::-**

**મુદા નંબર :- ૧**

**(૦૬)** ઉપરોકત બન્ને મુદા એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુરાવાની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના આશ્યથી બન્ને મુદાઓની ચર્ચા એકીસાથે કરેલ છે.

**(૬.૧)** ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે **આંક-૭૨** થી **ફરિયાદી વિજયસિંહ પ્રવિણ સિંહ જાડેજા** ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગ.તા.૧૦.૦૬.૨૦૨૦ ના રોજ અમો કાલાવડ ગ્રામ્ય પો. સ્ટે. ખાતે પો.કોન્સ. તરીકે ફરજ પર હતા. ત્યારે સાથેના એ.એસ.આઈ. પી.પી.જાડેજા તથા કો. અલ્તાફભાઈ ટી. સમા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો કલાક ૧૫:૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમા હતા ખાનગી રાહે હકિકત મળેલ કે ખાન કોટડા ગામની સીમમાં ખબદુલશાહ શાહમદારની વાડીની બાજુમાં આવેલ સરકારી

ખરાબામાં લીબડાના ઝાડ નીચે અમુક ઈસમો ગોળ કુંડાળુ  વળીને ગંજી પતા ના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો જુગાર રમી પૈસાની હારજીત કરી જુગાર રમે છે. જેથી અમોએ તુરત જ બે રાહદારી પંચો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી પંચો સાથે ક.૧૬.૧૫ વાગ્યે હકીકતવાળી જગ્યાએ રેડ કરતા ખુલ્લામા નવ ઈસમો ગોળ કુંડાળુ વળી ગંજી પતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો જુગાર પૈસાની હારજીત કરી જુગાર રમતા હોય, જેથી તેઓને કોર્ડન કરી જેમને તેમ બેલી રહેવાનું કહી પંચો રૂબરૂ વારાફરતી નામઠામ પુછતા તેઓએ પોતાનુ નામ નં.૧ વાળાએ હારૂનભાઈ અબ્દુલભાઈ માણશી, નં.ર વાળાએ બાબુભાઈ ગોપાલભાઈ સોરઠીયા, નં.૩ ઈસ્માઈલભાઈ દાઉદભાઈ દલ, નં.૪ નાગજીભાઈ રવજીભાઈ ચાવડા, નં. ૫ મુકેશભાઈ ભીખાભાઈ સખીયા, નં. ૬ કીશોરભાઈ બચુભાઈ ગમઢા, નં. ૭ જુનેશભાઈ ઉમરભાઈ ચારણ, નં. ૮ ખીમજીભાઈ નરશીહભાઈ પુરોહીત  તથા નં.૯ રમેશભાઈ બાબુભાઈ મકવાણા વાળા હોવાનુ જણાવેલ જેથી તેઓ પાસેથી અંગ ઝડતી કરી પંચો રુબરુ પંચનામાની વિગતે અને વર્ણને મુદામાલ કબ્જે કરવામા આવેલ તેમજ જે જગ્યા પર જુગાર રમતા હતા તે પટ માથી મુદામાલ ગંજીપતા તથા રોકડ રુપીયા પંચનામાની વિગતે અને વર્ણને કબ્જે કરવામા આવેલ એમ કુલ રૂ.ર૬,૯૮૦/- રોકડા રુપીયા તથા ગંજીપતા પાના નંગ પર પંચનામાની વિગતે અને વર્ણને કબ્જે કરવામા આવેલ, પંચનામુ પુરુ થયે તમામ આરોપીઓની ધોરણસર અટક કરેલ અને અમોએ એ.એસ.આઈ. એસ.આર.ચાવડા રૂબરૂ આ કામની ફરિયાદ આપેલી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે,  પેટ્રોલીંગ દરમ્યાન લોગબુક નીભાવવામા આવતી હોય છે, અમે કોઈ જગ્યાએ પેટ્રોલીંગમા જઈએ તેની નોંધ કયાંય કરેલ નથી, અમે પેટ્રોલીંગમા હોવા અંગેનો આધાર તપાસના કામે સામેલ રાખેલ નથી, પેટ્રોલીંગ દરમ્યાન અમો કયાં વાહનમા ગયેલા તે અંગેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી, બનાવવાળો જાહેર વિસ્તાર છે અને આજુબાજુમાં ગામના રહેણાક મકાનો આવેલા છે , ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.

એ વાતનો ઈન્કાર કરે છે કે, અમો કયા સમયે પેટ્રોલીંગમા નીકળેલા તેનો સમય ફરીયાદમા લખાવેલ નથી, હાલના કામના આરોપીઓ સદર ગુનામા સંડોવાયેલ ન હોવા છતા સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૬.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૮૮** થી **તપાસકર્તા સાહેદ સરમણભાઈ રામાભાઈ ચાવડા**ને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા. ૧૦/૦૬/૨૦૨૦ નાં અરસામાં હું કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે અમો તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનગી રાહે હકીકત મળતા બનાવવાળી જગ્યાએ રેડીંગ પાર્ટી સાથે રેઈડ કરતા જાહેરમાં અમુક ઈસમો તીન પતીનો જુગાર રમે છે. આમ હકિકત મળેલ કે અમો તથા પો.સ્ટાફના અન્ય માણસો સાથે હકીકત વાળી જગ્યાએ રેડ કરતા ત્યાં નવ આરોપી કુલ રોકડ રૂા.૨૬૯૮૦/– કબ્જે કરેલ જેથી આગળની કાર્યવાહી કરેલી. આ કામે બનાવ સ્થળે પંચો રૂબરૂ પંચોના લખ્યા મુજબનું પંચનામુ કરેલુ. તથા તપાસના કામે ફરીયાદી વી.પી.જાડેજા દ્વારા ઉપરોકત બનાવ અંગેની ફરીયાદ આપતા જે ફરીયાદની તપાસ પી.એસ.ઓ. શ્રી રૂબરૂ નોંધાવામાં આવતા અમોને તપાસ સોંપેલી. આ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો. જે કામે ઉપર મુજબની કાર્યવાહી કરેલી. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ. જેઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ કથનોનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ મેન્યુઅલ પ્રમાણે આવતા રજી. પેટ્રોલીંગ બુક, સ્ટેશન ડાયરી નીભાવતા હોઈએ છીએ, પેટ્રોલીંગ બુકમાં પેટ્રોલીંગ અંગેની તથા રોજબરોજની કામગીરીની નોંધ કરતા હોયએ છે. રેડના દિવસે આ કામના ફરીયાદી પેટ્રોલીંગમાં ફરજ પર હાજર હતા તેવો આધાર પુરાવો ફરીયાદ સાથે રજુ રાખેલ નથી અને તપાસ દરમ્યાન મે માંગેલ નથી, ફરીયાદી પેટ્રોલીંગમાં કયાં ખાનગી વાહનમાં હતા તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી, બનાવવાળો

વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ત્યાં ઘણા–બધા રહેણાક મકાનો આવેલ છે, તપાસ દરમ્યાન ફકત પોલીસ સાહેદોના નિવેદનો નોંધેલ છે.

એ વાતનો ઈન્કાર કરે છે કે, તપાસમાં સાહેદોના નિવેદનો પો.સ્ટે. બેસીને તૈયાર કરાવવામાં આવેલ છે, ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૬.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૭૪** થી **પંચસાહેદ અફઝલભાઈ હબીબભાઈ ગૌરી ને** તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૭૫** વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની અન્ય કોઈ વિગતને સમર્થન આપેલ નથી. જેથી **આંક–૭૫** વાળું પંચનામું પંચોની જુબાનીથી પુરવાર થતું નથી.

(૭) હવે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં ભારતીય પુરાવા અધિનિયમ અનુસાર પોલીસ સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવું આવશ્યક છે પરંતુ હાલના કામમાં સ્વતંત્ર સાહેદોના પુરાવા લેવામાં આવેલા નથી તેમજ પંચસાહેદો પણ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી ફરિયાદપક્ષને તેમનું સમર્થન પણ પ્રાપ્ત થયેલ નથી. સદર સંજોગોમાં ફરિયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ સાહેદો પૈકી માત્ર પોલીસ સાહેદોએ જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ છે તથા ઉલટતપાસમાં પણ તેઓએ બનાવવાળી રહેણાંકીય જગ્યા હોવાનું સ્વીકાર કરેલ છે તેમ છતા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલ નથી. આ કામે પંચનામાનાં પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને જો ફરીયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર ન કરે અને તેમાં કોઈ શંકાસ્પદ બાબત જણાઈ હોય અથવા કોઈ બાબત શંકા ઉપસ્થિત કરતી હોય તો આવી શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૮) હવે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સ્થળે થી આરોપીઓ જાહેર વિસ્તારમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો

જુગાર રમી રમાડી પૈસા ની હારજીત કરતા મળી આવેલ હોય તેવી હકીકત પંચનામા તેમજ તેના પંચસાહેદ ની જુબાની થી સાબિત થયેલ નથી. સદર કામે ફરીયાદીપક્ષે તપાસેલ અન્ય સાહેદો કે જેઓ પોલીસ સાહેદો છે તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપવા પ્રયાસ કરે છે પરંતુ રેઈડ કરેલ સ્થળ જાહેર વિસ્તાર છે પરંતુ  ફરીયાદ પક્ષે કોઈ જાહેર વિસ્તાર માંથી કોઈ સ્વતંત્ર સાહેદો ને તપાસેલ નથી જેથી બનાવ વાળી જગ્યાએ આરોપી જાહેર વિસ્તારમાં ગંજીપતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસા ની હારજીત કરતા હતા તે અંગે કોઈ પણ માનવા લાયક આધાર પુરાવો ફરીયાદપક્ષે રજુ કરી શકેલ નથી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરી ફરીયાદપક્ષ ગુન્હા ના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદો સંર્પુણ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેઓ રેઈડ અંગે ના પંચનામા ની કોઈ પણ હકીકતો ને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેઓ માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓ એ પોતાની રૂબરૂ માં પોલીસે રેઈડ કરી આ કામના આરોપી જાહેર વિસ્તારમાં ગંજીપતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસા ની હારજીત કરતા મળી આવેલ અને તેઓ પાસે થી જુગાર નું સાહીત્ય અને રોકડ રકમ કબ્જે કરેલ હોવાનો સ્પષ્ટ પણે ઈનકાર કરે છે અને તે બાબતે તેઓ કશું જાણતા નહી હોવાનું જણાવેલ છે જેથી પોલીસે કરેલ જુગાર અંગે ની રેઈડ પંચોની હાજરી માં થયેલ હોય તે અંગે શંકા ઉપજાવે છે. જેથી, આ કામના પંચ સાહેદો ની જુબાની થી બનાવ સ્થળે જાહેર વિસ્તારમાં ગંજીપતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી પૈસા ની હારજીત કરતા મળી આવેલ અને જુગારના સાહિત્ય તેમજ રોકડ રકમ સાથે મળી આવેલ હોય તેવુ પણ સાબિત થતુ નથી. તે જોતા બનાવ માં ઉપજતી શંકા નો લાભ આરોપી ઓને મળવા પાત્ર બને છે. ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો જોતા ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનવામાં આવે છે. વધુમાં, આ કામે આરોપીઓ તરફે મુદામાલ રોકડ રકમ અંગે નો કલેઈમ પુરશીશ આપી મુદામાલ રોકડ રકમ અંગે કોઈ કલેઈમ કરતા ન હોવાનું જાહેર કરેલ છે. તે સંજોગો માં, કબજે કરેલ થયેલ રોકડ

રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં ભારતીય પુરાવા અધિનિયમ અનુસાર પોલીસ સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવું આવશ્યક છે પરંતુ હાલના કામમાં સ્વતંત્ર સાહેદોના પુરાવા લેવામાં આવેલા નથી તેમજ પંચસાહેદો પણ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી ફરિયાદપક્ષને તેમનું સમર્થન પણ પ્રાપ્ત થયેલ નથી. સદર સંજોગોમાં ફરિયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ સાહેદો પૈકી માત્ર પોલીસ સાહેદોએ જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ છે તથા ઉલટતપાસમાં પણ તેઓએ બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર હોવાનું સ્વીકાર કરેલ છે તેમ છતા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલ નથી. આ કામે પંચનામાનાં પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને જો ફરીયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર ન કરે અને તેમાં કોઈ શંકાસ્પદ બાબત જણાઈ હોય અથવા કોઈ બાબત શંકા ઉપસ્થિત કરતી હોય તો આવી શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૯) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ ના પ્રબંધોનો તેના ઉદેશ અનુસાર ઉપયોગ કરવા માટે સુચના આપવામાં આવેલી છે. આ કામે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આમ, જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પેન્ડીંગ રાખવાથી  ન્યાયનો હેતુ સરે તેમ નથી અને આ કેસ પેન્ડીંગ રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારતમાં આવા કેસો પેન્ડીંગ રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતુ નથી. આ તમામ સંજોગોમાં આરોપી સામેનો કેસ પણ પુરો કરવો ન્યાયના હીતમાં જરૂરી હોય, જેથી આ કામે રજુ થયેલ પુરાવાના આધારે આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળવો ન્યાયોચિત જણાતુ નથી, જેથી મુદા નં

બર–૧ પરત્વેનો જવાબ નકારમાં આપી મુદા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>::: આખરી હુકમ :::</u>**

**(૧)** આ કામના આરોપી નં. ૨,૪,૫,૬ ને આથી બિન તહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી નં. ૧,૩,૭,૮,૯ નાઓ ને ક્રિમીનલ પ્રોસીજર કોડની ૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે **જુગારધારાની કલમ–૧૨** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય બાદ, મુદ્દામાલ ચલણી નોટો શ્રી સરકાર ખાલસા કરવી અને અન્ય બિન કીંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીના જામીન તથા જાત મુચરકા આથી રદ કરવામા આવે છે અને આ કામના આરોપીને સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) અન્વયે રૂા.૫,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ હજાર પુરાના ) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** હુકમ આજરોજ સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ આરોપી નં. ૨,૪,૫,૬ ની ગેરહાજરીમાં જાહેર કર્યો.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૪ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૪–૦૩–૨૦૨૬**
**કાલાવડ.**

**( હર્ષદ રાજાભાઈ ખમલ )**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**કાલાવડ.**
**( કોડ નંબર – GJ01749)**